# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 27-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર હર્ષ લેઉવા વાંચે છે.

*******************************************

- **નવી દિલ્હીમાં નિતી આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ચાલી રહી છે**
- **કાશ્મીરમાં કુપવાડા જિલ્લામાં અંકુશ રેખા પર અથડામણમાં એક આતંકવાદી ઠારઃ પાંચ જવાનને ઇજા**
- **વિદેશી હૂંડિયામણની અનામતો સતત ત્રીજા અઠવાડિયે 670.80 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે**
- **આજે મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ગોવા, મધ્યપ્રદેશ, હરિયાણા સહિતનાં રાજ્યોમાં ભારે વરસાદની હવામાના વિભાગની આગાહી**
- **પેરિસ ઓલિમ્પિકમાં આજે ભારતીય હોકી ટીમ ન્યૂઝીલેન્ડ સામે ટકરાશે**
- **ભારત અને શ્રીલંકા વચ્ચે આજે સાંજે ટી-20 ક્રિકેટ મેચ શ્રેણીની પ્રથમ મેચ**

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NITI AYOG MEETING

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષપદે હાલ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ચાલી રહી છે. આ બેઠકનો વિષય વસ્તુ છે-વર્ષ 2047 સુધીમાં ભારતને વિક્સિત દેશ બનાવવો.

બેઠકમાં મોટા ભાગનાં રાજ્યોનાં મુખ્યમંત્રીઓ, કેન્દ્ર શાસિત પ્રદેશોનાં ઉપરાજ્યપાલો, નીતિ આયોગના ઉપાધ્યક્ષ અને આમંત્રિત પ્રતિનિધીઓ ભાગ લઈ રહ્યા છે.

દરમિયાન, આજે સાંજે નવી દિલ્હીમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક યોજાશે. પક્ષના વડા મથકે આયોજિત બેઠકમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ પણ ભાગ લેશે. લોકસભા ચૂંટણીઓ  કેન્દ્રીય બજેટની પ્રસ્તુતિ બાદ પ્રથમ વાર આ બેઠક યોજાઈ રહી છે.

# REV:KUPWARA ENCOUNTER

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં કુપવડા જિલ્લાના કાંકરી પ્રદેશમાં અંકુશ રેખા પર થયેલા ગોળીબારમાં એક આંતકવાદી ઠાર થયો છે. સુરક્ષા દળોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાનના એક નાગરિકનું મૃત્યુ થયા હોવાના અહેવાલ છે જ્યારે પાંચ સૈનિકો ઘાયલ થયા છે. છેલ્લા મળતા અહેવાલો પ્રમાણે વધુ શોધ ખોળ ચાલુ છે.

# FOREX RESERVES

ભારતનું વિદેશી હુંડિયામણ અનામત એટલે કે ફોરેક્સ રિસર્વ સતત ત્રીજા અઠવાડિયે 670.80 અબજ અમેરિકી ડોલરની અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યું છે.

RBI દ્વારા જાહેર કરાયેલ આંકડા પ્રમાણે ગત અઠવાડિયે ફોરેક્સ રિસર્વમાં ૪ અબજ ડોલરનો વધારો થયો છે. અગાઉના બે સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં 14.9 અબજ ડોલરનો વધારો થયો હતો. 2023-24 દરમિયાન ભારતની કરંટ અકાઉન્ટ ડેફિસિટ એટ્લે કે ચાલુ ખાતાની ખાધ ઘટીને 23.2 અબજ ડોલર થઈ છે. વર્ષ 2022-23 દરમિયાન નીચી મર્ચેન્ડાઇઝ વેપાર ખાધને કારણે તે 67 અબજ ડોલર હતી, જે મજબૂત બાહ્ય સંતુલન સ્થિતિ દર્શાવે છે.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલ રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# JAISHANKAR-FMs

વિદેશ મંત્રી ડો જયશંકરે ગઈકાલે ગણતંત્ર રાજ્ય લાઓની રાજધાની વિયનતિયાનેમાં દક્ષિણ કોરિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા અને મલેશિયાના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરી હતી. ડૉ. જયશંકર આસિયાન-ભારત, પૂર્વ એશિયા શિખર સમ્મેલન અને આશિયન ક્ષેત્રિય મંચને અનુલક્ષીને આશિયાન માળખા હેઠળ વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપવા માટે વિયનતિયાનેમાં છે.

દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રી ચો તાઈ-યુલ સાથેની તેમની મુલાકાત દરમિયાન, વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી પર વ્યાપક વાટાઘાટો યોજાઈ હતી. ડૉ. જયશંકરે કહ્યું કે ભારત-પેસિફિક ક્ષેત્રમાં ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચેનું સંકલન સહકારના નવા માર્ગો ખોલી રહ્યું છે.

સિંગાપોરના વિદેશ મંત્રી વિવિયન બાલાકૃષ્નન સાથેની તેમની મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકરે છેલ્લા ત્રણ વર્ષમાં આસિયાન-ભારત સંબંધોમાં થયેલી પ્રગતિ માટે સિંગાપોરનો આભાર માન્યો હતો. ડૉ. જયશંકરે વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ પર શ્રી બાલાકૃષ્ણનના મંતવ્યોની પણ પ્રશંસા કરી.

ઈન્ડોનેશિયાના વિદેશ મંત્રી રેટનો માર્સુડીને મળ્યા બાદ ડૉ. જયશંકરે કહ્યું કે ભારત-ઇન્ડોનેશિયા અને ભારત-આસિયાન સંબંધોમાં તેમનું યોગદાન નોંધનીય છે.

ડૉ. જયશંકરે યુરોપિયન સંઘના વિદેશ બાબતો અને સુરક્ષા નીતિના ઉચ્ચ પ્રતિનિધિ અને યુરોપિયન આયોગના ઉપાધ્યક્ષને જોસેપ બોરેલ ફોન્ટેલ્સને પણ મળ્યા હતા. વિદેશ મંત્રીએ વેપાર, સ્વચ્છ ઉર્જા પરીવર્તન અને અદ્યતન ટેકનોલોજીમાં ભાગીદારી વધારવા માટે ભારત-યુરોપીયન સંઘની ક્ષમતા અંગે વાત કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

# HM- APJ KALAM

ગૃહ મંત્રી અમિત શાહે આજે ભુતપૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. એ પી જે અબ્દુલ કલામની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલી અર્પણ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે ડો. કલામનું જીવનમાં મહેનત, સરળતા અને સંવેદનશીલતાનો સુગમ સમન્વય હતો. તેઓ દેશના યુવાનો માટે પ્રેરણારૂપ હતા.

શ્રી શાહે ઉમેર્યું કે અબ્દુલ કલામે તેમના કાર્યથી દેશના લોકોને આગળ ધપાવવા પ્રયત્ન કર્યા અને તેઓ 'પીપલ્સ પ્રેસિડેંટ' તરીકે જાણીતા થયા હતા. તેમના વિચારો ભવિષ્યની પેઢીઓ માટે પથદર્શક હશે.

# PM HM- CRPF RAISING DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રિય અનામત પોલીસ દળ-CRPFના સ્થાપના દિવસ નિમિત્તે શુભેછાઓ પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ CRPFના સમર્પણ અને સેવાની પ્રશંસા કરી. તેઓએ ઉમેર્યું કે CRPFના જવાનોએ સાહસ અને પ્રતિબદ્ધતાથી હંમેશા રાષ્ટ્રને સુરક્ષિત રાખવામાં સર્વોપરી ભૂમિકા ભજવી છે. ગૃહ મંત્રી અમિત શાહે પણ CRPFના જવાનો અને તેમના પરિવારજનોને શુભેચ્છા વ્યક્ત કરી છે. શ્રી શાહે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યુ કે CRPFએ તેની સ્થાપનાના સમયથી જ રાષ્ટ્રની સુરક્ષાને પ્રાધાન્ય આપ્યું છે.

# AMARNATH JAMMU AYTRA

જમ્મુમાં આવેલ ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાએ જતા 1 હજાર 771 શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ આજે વહેલી સવારે કાશ્મીર ઘાટી જવા રવાના થયો છે. યાત્રાળુઓ આજે વહેલી સવારે 63 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. જેમાં અંદાજિત 1 હજાર 200 થી વધારે પુરૂષો, ૪00 મહિલા સહિત અન્ય શ્રધ્ધાળુઓનો સમાવેશ થાય છે. આ શ્રદ્ધાળુઓ બાલતાલ બેઝ કેમ્પ અને પહેલગામ બેઝ કેમ્પનાં માર્ગથી મુસાફરી કરશે.

# CRICKET- IND VS SL

ભારત અને યજમાન શ્રીલંકા વચ્ચે પ્રથમ T-20 ક્રિકેટ મેચ આજે સાંજે 7 વાગ્યાથી પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. આકાશવાણી પરથી સાંજે 6.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. સૂર્ય કુમાર યાદવને ત્રણ મેચની શ્રેણી માટે ભારતીય ટીમનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. વિશ્વ કપ જીત્યા બાદ રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાએ T-20માંથી નિવૃત્તિ લીધી હતી.

બીજી તરફ શ્રીલંકા પણ નવા કેપ્ટન ચરિથ અસલાંકાના નેતૃત્વમાં રમશે.

- રીપીટ

# IMD- WEATHER

હવામાન વિભાગે આજે મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, મધ્યપ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, વિદર્ભ, કોંકણ, દક્ષિણ કર્ણાટક અને ગોવામાં ભારે વરસાદની આગાહી કરી છે. સોમવાર સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના કેટલાંક જિલ્લામાં ભારે વરસાદની આગાહી પણ કરી છે.

હવામાન વિભાગે કહ્યું કે ઉત્તરાખંડ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, કેરળ, માહે, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને ગિલગિટમાં 29 જુલાઈ સુધી ભારે વરસાદની સંભાવના છે. આગામી 5 દિવસ દરમિયાન દેશના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ-ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ દ્વીપકલ્પ અને મધ્ય ક્ષેત્રમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

દરમિયાન, ઉત્તરાખંડમાં અવિરત વરસાદને કારણે રાજ્યની મુખ્ય નદીઓના જળસ્તરમાં વધારો થયો છે અને પર્વતીય પ્રદેશોમાં વિવિધ સ્થળોએ ભૂસ્ખલનને કારણે ગામડાઓને જોડતા મોટર માર્ગમાં અવરોધ આવ્યો છે.

રાજ્યમાં કેટલીક જગ્યાએ પીવાના પાણી અને વીજળીના પુરવઠાને પણ અસર થઈ રહી છે. બીજી તરફ ટિહરીના ભીલંગાણા બ્લોકમાં ભારે વરસાદને કારણે એક મકાન ધરાશાયી થતાં બે લોકોના મોત થયા છે. દરમિયાન, હવામાન વિભાગે આજે અને આવતીકાલે દેહરાદૂન અને બાગેશ્વર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે રાજ્યના અન્ય ભાગોમાં પણ વરસાદની આગાહી કરી છે.

# PARIS OLYMPICS SCHEDULE

પેરિસ ઓલિમ્પિકનો ગઈકાલે રાત્રે ગાજવીજ સાથે ભારે વરસાદમાં ભવ્ય પ્રારંભ થયો છે. આજે ભારતના ખેલાડીઓ ટેનિસ, બેડમિન્ટન અને હોકીની મેચો રમશે. ટેનિસમાં રોહન બોપન્ના અને શ્રીરામ બાલાજીની જોડી ફ્રેન્ચ જોડી ફેબિયન રેબોઉલ અને એડોર્ડ રોજર સામે પ્રથમ રાઉન્ડમાં મુકાબલો કરશે.

મેચ ભારતીય સમય અનુસાર બપોરે સાડા ત્રણ વાગે રમશે. બેડમિન્ટનમાં પુરુષ સિંગલ્સ શ્રેણીમાં ભારતના લક્ષ્ય સેન કેવિન કોર્ડન સામે મેચ રમશે, જ્યારે સાત્વિક સાઇરાજ અને ચિરાગ શેટ્ટીની જોડી ફ્રાન્સનાં લુકાસ કોર્વી અને રોનન લાબાર સામે ટકરાશે. મેચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ટેબલ ટેનિસમાં હરમીત દેસાઇ જોર્ડનના યમાન ઝાયેદનો મુકાબલો કરશે. અને હોકીમાં ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક કાંસ્ય ચંદ્રક વિજેતા ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.